જાહેરનામુ

**કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદની કચેરી,**
**જિલ્લા સેવા સદન,ઝાલોદ રોડ,છાપરી-દાહોદ**

e-mail : collector-dah@gujarat.gov.in
ફોન નં.૦૨૬૭૩ ૨૩૯૦૦૧ ફેક્સ નં.૨૩૯૦૦૫

ક્રમાંક:પલસ/મજસ/ટ્રાફીક/વશી/ ૪૨૫૮૦ /૨૦૨૦
તા. ૦૩.૦૧.૨૦૨૦

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયેનો હુકમ

**વાંચ્યો :**

૧. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) ની જોગવાઈ

**હુકમ:**

દાહોદ શહેરમાં વેપાર ઉદ્યોગ, શહેરીકરણ, વસતી ગીચતા,સાંકડા રસ્તા તથા વાહનોની સંખ્યામાં થયેલ વધારાને કારણે શહેરના માર્ગો ઉપર ટ્રાફીકનું ભારણ વધ્યું છે. શહેરમાં વેપાર ઉદ્યોગને કારણે ભારે વાહનોના પ્રવેશના કારણે પણ સાંકડા માર્ગો ઉપર ટ્રાફીકને લગતા પ્રશ્નો ઉદભવે છે. તેમજ હાલમાં દાહોદ સ્માર્ટ સીટીના વિવિધ પ્રોજેક્ટની કામગીરી ચાલુમાં છે. તેમજ ગુજરાત ગેસ કંપની લી.ધ્વારા ગેસ પાઈપ લાઈન નાખવાની કામગીરી પણ કાર્યરત છે. ભારે વાહનોની અવર જવરથી શહેરમાં વારંવાર ટ્રાફીક જામ થાય છે. જેથી ઈમરજન્સી સેવાના વાહનો તથા જાહેર જનતાને અવર-જવરમાં ભારે અગવડ પડે છે. જેથી જાહેર હિતમાં શહેરના માર્ગોનો સુયોગ્ય ઉપયોગ અને ટ્રાફીકનું નિયમન કરવું આવશ્યક જણાય છે.જે અન્વયે-

આથી હું વિજય ખરાડી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ અધિકારની રૂએ દાહોદ નગર વિસ્તારમાં ટ્રાફીક નિયમન માટે નીચે મુજબની અમલવારી કરાવવા આથી હુકમ કરું છું.

(૧) દાહોદ શહેરમાં પ્રવેશના તમામ માર્ગો ઉપર **સવારના ૦૮:૦૦ કલાકથી સાંજના ૨૦:૦૦ કલાક સુધી** ભારે માલ વાહક વાહનોની અવર જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

(૨) ઝાલોદ રોડ ઉપરથી આવનાર અને ઈન્દોર,ગરબાડા તથા ગોધરા તરફ જનાર ભારે માલ વાહક વાહનોએ **સવારના ૦૮:૦૦ કલાકથી સાંજના ૨૦:૦૦ કલાક સુધી** દાહોદ શહેરમાં પ્રવેશ કરવો નહી અને નેશનલ હાઈવે નંબર ૧૧૩ તથા નેશનલ હાઈવે નંબર ૫૯નો ઉપયોગ કરી અવર જવર કરવાની રહેશે. તે મુજબ ઈન્દોર,ગરબાડા તથા ગોધરા તરફથી આવનાર ભારેમાલ વાહક વાહનોએ પણ અમલવારી કરવાની રહેશે.

(૩) ટાંડા થી દાહોદ થઈ ઝાલોદ,ગરબાડા,ઈન્દોર તથા ગોધરા તરફ જનાર ભારે માલ વાહક વાહનોએ **સવારના ૦૮:૦૦ કલાક થી સાંજના ૨૦:૦૦ કલાક સુધી** મંડાવાવ રોડ,APMC સર્કલ,રળીયાતગામ થી આર.ટી.ઓ. ચેક પોસ્ટ તરફના રસ્તાએ થી નેશનલ હાઈવે નંબર ૫૯ તથા નેશનલ હાઈવે નંબર ૧૧૩ નો ઉપયોગ કરી અવર જવર કરવાની રહેશે અને તે અનુસાર ઝાલોદ,ગરબાડા,ઈન્દોર તથા ગોધરા તરફથી આવનાર ભારે માલ વાહક વાહનોએ પણ અમલવારી કરવાની રહેશે.

આ હુકમ ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ ૧૧૨(૩)માં જણાવેલ વાહનો, પોલીસ-સુરક્ષા દળના વાહનો તથા આપાતકાલીન સેવાઓ સાથે સંકળાયેલ વાહનોને લાગુ પડશે નહી.

આ હુકમ અત્રેથી અન્ય કોઈ હુકમ કરવામાં આવે ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.



Scanned by CamScanner

આ હુકમ અન્વયે દાહોદ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષક થી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારી/કર્મચારીઓને ફરીયાદ દાખલ કરવા આથી અધિકૃત કરવામાં આવે છે.

તમામની જાણકારી અર્થે આ હુકમની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ હુકમની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવાની રહેશે અને ટ્રાફીક નિયમન અને કાયદો વ્યવસ્થાની જાળવણી માટે પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે.

આજ તા.૦૩.૦૧.૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરવામાં આવ્યાં.

DISTRICT MAGISTRATE જિલ્લા મેજિસ્ટ્રેટ DIST. DAHOD. (GUJARAT) જીલ્લો દાહોદ. (ગુજરાત)

3.1.20

(વિજય ખરાડી)
જિલ્લા મેજિસ્ટ્રેટ
દાહોદ

પ્રતિ
પોલીસ અધિક્ષકશ્રી,
દાહોદ

**નકલ જયભારત સહ રવાના:**

– સીનીયર મેનેજરશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ઘ–૭, સેક્ટર–૨૯ સામે, ગાંધીનગર તરફ આગામી રાજ્ય ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા સારું.
– નાયબ માહિતિ નિયામકશ્રી, જિલ્લા સેવા સદન, દાહોદ તરફ વર્તમાનપત્રમાં બહોળી પ્રસિદ્ધિ કરવા સારું.
– સબ–ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, દાહોદ તરફ જાણ તથા અમલ સારું.
– એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી, દાહોદ તરફ જાણ તથા અમલ સારું.
– નાયબ પોલીસ અધિક્ષકશ્રી, દાહોદ વિભાગ તરફ જાણ તથા અમલ સારું.
– પો.ઈ.શ્રી/પો.સ.ઈ.શ્રી, દાહોદ ટાઉન/દાહોદ રૂરલ તરફ બહોળી પ્રસિદ્ધિ કરવા સારું.
– ડેપો મેનેજરશ્રી, એસ.ટી. ડેપો, દાહોદ તરફ જાણ તથા અમલ સારું.
– જિલ્લા સરકારી વકીલશ્રી, જિલ્લા ન્યાયાલય, છાપરી, દાહોદ તરફ જાણ સારું.

**નકલ સવિનય રવાના :**

– અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ (વિશેષ) સચિવાલય ગાંધીનગર તરફ.



Scanned by CamScanner